**સ્પે.દિ.મુ.નં.૧૦/૧૩**

## -:: આંક-૭૧ લગત હુકમ :-

(૧) આ કામના પ્રતિવાદી નં.૧ નાએ હાલની અરજી લાવીી તેઓએ રજુ કરેલ દસ્તાવેજો નીશાની-૭૦/૧ થી ૩૦/૮ ને આંક આપવા માંગણી કરેલછે. અરજી અન્વયે પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રી એચ.આર.જયસ્વાલની રજુઆતો સાંભળી તથા વાદીના વિ.વ.શ્રી આર.આઈ.બ્રહમભટટની રજુઆતો સાંભળી.

(૨) પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રી જયસ્વાલની મુખ્યત્વે એવી રજુઆત છે કે આ કામના વાદીની માંગણી મુજબ પ્રતિવાદી નં.૧ નાએ અસલ પાવર ઓફ એટર્ની રજુ કરેલ છે અને સાથે અસલ ચુકતે અવેજના વાઉચરો રજુ કરેલ છે. શ્રી જયસ્વાલની વિશેષમાં એવી રજુઆત છે કે આ વાઉચરો પ્રતિવાદી નં.૧ નાએ આ મીલકતનુ વેચાણ કરી દીધેલ હોય નવા ખરીદનારને આપી દીધેલ. ત્યારબાદ તેઓની પાસેથી મેળવી હવે રજુ કરેલ છે તો તેને આંક આપવા જોઈએ.

(૩) વાદીના વિ.વ.શ્રી આર.આઈ.બ્રહમભટટની મુખ્યત્વે એવી રજુઆત છે કે આ કામના વાદીએ અગાઉ અસલ પાવર ઓફ એટર્ની રજુ કરવા અદાલત સમક્ષ માંગણી કરેલ અને આ માંગણી અદાલત ધ્વારા ગ્રાહય રાખવામાં આવેલ અને પ્રતિવાદી નં.૧ ને પાવર ઓફ એટર્ની રજુ કરવા હુકમ કરવામાં આવેલ. આ સામે પ્રતિવાદી નં.૧ નાએ અસલ પાવર ઓફ એટર્ની મળી આવતુ નથી તેવી પુરસીસથી જાહેરાત તા.૧૨/૪/૧૬ ના રોજ કરેલ. ત્યારબાદ આ પ્રતિવાદી નં.૧ નાએ તા.૨૯/૬/૧૬ ના રોજ જુબાની આપેલ તેમ છતાં કોઈ દસ્તાવેજો રજુ કરતા નથી અને આ દસ્તાવેજો હમણાં જ રજુ કરેલ છે. વાદીઓની રજુઆત મુજબ હાથઉછીના નાણાં લેવા બાબતે પ્રતિવાદી નં.૧ નાએ સહીઓ કરાવી લીધેલ. તે સંજોગોમાં માત્ર સહીઓ પુરતો પાવર ઓફ એટર્નીને આંક આપવામાં આવે તો વાંધો નથી તેવી રજુઆત કરેલ છે. આ ઉપરાંત રજુ કરેલ રસીદોને આંક આપવા સામે તેઓએ સખત વાંધો હોવાની રજુઆત કરેલ છે. શ્રી બ્રહમભટટની રજુઆત મુજબ વાદીની ઉલટતપાસ પ્રતિવાદી નં.૧ નાએ કરેલ છે ત્યારે પણ આ વાઉચરો બાબતે કોઈ પ્રશ્નો પુછેલ નથી. આ ઉપરાંત અસલ પાવર ઓફ એટર્ની રજુ થઈ શકે તેમ નથી તેવુ પુરસીસથી જાહેર કરેલ ત્યારે પણ એવુ જણાવેલ નથી કે અસલ

પાવર ઓફ એટર્ની નવા ખરીદનાર પાસે છે. આ ઉપરાંત આવી હકીકતો પ્રતિવાદી નં.૧ નાએ સોગંદ પર જાહેર કરવાના બદલે પુરસીસથી જાહેર કરેલ છે. આ ઉપરાંત પ્રતિવાદીએ રજુ કરેલ સરતપાસમાં પણ વાદીને રકમ ચુકવી પાવતી મેળવેલાની કોઈ હકીકતો સરતપાસમાં જણાવેલ નથી કે આવી પાવતીઓ પુરવાર કરવા સરતપાસના સોગંદનામામાં કોઈ જરુરી હકીકતો જણાવેલ નથી. આ સંજોગોમાં આ વાઉચરોને કોઈ રીતે જુબાનીથી કોઈ સમર્થન મળતુ નથી. આ ઉપરાંત આ અસલ વાઉચરો પરની સહીઓ તથા પાવર ઓફ એટર્નીમાં કરાયેલ સહીઓ સરખાવવામાં આવે તો તે ખુબ જ અલગ પડે છે. આ ઉપરાંત આ વાઉચરો હમણાં જ બજારમાંથી ખરીદી રજુ કરેલ હોય તેવા તાજા વાઉચરો છે. આ ઉપરાંત આ વાઉચરોનો ઉલ્લેખ સરતપાસમાં કયાંય કરેલ નથી. આ ઉપરાંત પાવર ઓફ એટર્નીમાં પણ આ વાઉચરોનો ઉલ્લેખ કરાયેલ નથી કારણકે પાવર ઓફ એટર્નીની તારીખ જોવામાં આવે તો તે તા.૨/૩/૦૭ ની છે. જયારે વાઉચરોની તા.૫/૧/૦૭, તા.૧૦/૪/૦૭ તથા અન્ય જુદી જુદી તારીખોના વાઉચરોનો કયાંય પાવર ઓફ એટર્નીમાં પણ ઉલ્લેખ નથી. આ સંજોગોમાં આ વાઉચરો કે જે દેખીતી રીતે પાછળથી ખોટા ઉભા કરેલ છે અને તેના પરની સહીઓ તકરારી છે. આ ઉપરાંત પ્રતિવાદી નં.૧ ના સરતપાસના સોગંદનામામાં આ દસ્તાવેજો પુરવાર કરવા જરુરી વિધાનો પણ કરાયેલ નથી ત્યારે આવા વાઉચરોને આંક આપી શકાય નહી.

(૪) આ કામે બન્ને પક્ષોની રજુઆતો વિચારણામાં લીધી. આંક પાડવાની માંગણી કરાયેલ દસ્તાવેજો જોવામાં આવે તો નીશાની–૭૦/૧ થી નીશાની–૭૦/૮ વાળા એ તમામ અસલ દસ્તાવેજો છે. આ ઉપરાંત આંક–૬૪ થી પ્રતિવાદી નં.૧ નુ જે સરતપાસનુ સોગંદનામુ રજુ થયેલ છે તેમાં આ વાઉચરો વિશે પ્રતિવાદી નં.૧ નાએ આ હકીકતો તેઓના સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી અને આ વાઉચરો ભારતીય પુરાવા અધીનીયમની જોગવાઈ મુજબ પુરવા કરવા કોઈ પ્રયત્ન પ્રતિવાદી નં.૧ નાએ કરેલ નથી. આ ઉપરાંત વાદીઓ જયારે આવા વાઉચરોના ઉદભવ, અસ્તિત્વને મુળભુત રીતે નકારતા હોય તથા વાઉચરો પરની સહીઓનો પણ ઈન્કાર કરતા હોય ત્યારે સમગ્ર રીતે રેકર્ડ પરની પરિસ્થિતી જોવમાં આવે તો કોઈપણ દસ્તાવેજો પુરવાર કરવા જો કોઈ પક્ષકાર કાયદા મુજબ નિયત કરેલ જરુરી પગલાઓ ન ભરે તથા કાર્યવાહી ન કરે તો આ અદાલત તેવા કોઈ દસ્તાવેજો પુરવાર થયેલાનુ ગણી આંક આપી શકે નહી. પ્રતિવાદી નં.૧ ના આંક–૬૪ ના સરતપાસના સોગંદનામામાં આ

અદાલતના અભિપ્રાય મુજબ કોઈ મુળભુત વિધાનો આ દસ્તાવેજો પુરવાર કરવા પ્રતિવાદી નં.૧ નાએ કરેલ નથી. પાવર ઓફ એટર્નીમાં વાદીએ માત્ર સહીઓ પુરતો આંક આપવા સંમતી આપેલ છે અને પાવર ઓફ એટર્નીના લખાણને કોઈ સ્વીકૃતી આપેલ નથી તેવી સ્પષ્ટતા સાથે જો માત્ર નીશાની–૭૦/૧ થી રજુ થયેલ પાવર ઓફ એટર્નીને માત્ર સહીઓ પુરતો આંક આપવામાં આવે તો તે કાયદેસર અને વ્યાજબી જણાય છે. પ્રતિવાદી નં.૧ નાએ નીશાની–૭૦/૨ થી નીશાની–૭૦/૮ ના દસ્તાવેજો યોગ્ય રીતે પુરવાર કરેલ ન હોય તેવા દસ્તાવેજોને માંગણી મુજબ કોઈ આંક આપી શકાય નહી. આ સંજોગોમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

– પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી આથી અંશત: મંજુર કરવામાં આવે છે અને નીશાની–૭૦/૧ થી રજુ પાવર ઓફ એટર્નીને માત્ર સહીઓ પુરતો આંક આપવાનો હુકમ કરવામાં આવે છે અને બાકીના દસ્તાવેજો એટલેકે વાઉચરોને આંક આપવાની માંગણી આથી રદ કરવામાં આવે છે.

– અરજીની હકીકતો જોતા ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૨૭ માહે સપ્ટેમ્બર, સને–૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. કલોલ.
તા.૨૭/૯/૨૦૧૬

(પરેશ મોહનલાલ સાચાણી)
જીજે૦૦૫૭૫
પ્રિન્સિ. સીની. સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી., કલોલ

ડીવીપી/કલોલ

Prin. Sr. Civil Judge & Add. Chief Judi. Magi.
Kalol

dvp/kalol